S

**DATE: 06/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**


### ભરૂચના એબીસી સર્કલ નજીક આરટીઓ તથા ટ્રાફિક વિભાગની કામગીરી, હવે ભંગ કરશો તો મેમો આવશે

# નિયમોનો ભંગ કરતાં વાહનચાલકોને ગુલાબ અપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર તથા જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શહેરના એબીસી સર્કલ પાસે આરટીઓ તથા ટ્રાફિક પોલીસ તરફથી નિયમોનું ભંગ કરનારા વાહનચાલકોને ગુલાબના ફૂલ આપવામાં આવ્યાં હતાં. તેમને નિયમોનું પાલન કરવા સમજાવી હવે નિયમોનું પાલન નહિ કરશો તો મેમો આપીશું તેમ કહેવામાં આવ્યું હતું.

ભરૂચ જિલ્લાના શહેરી વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે જેના કારણે અકસ્માતના પણ કિસ્સા જોવા મળી રહ્યા છે. ત્યારે વાહન ચલાવતી વેળા નિયમોનું પાલન કરવું જરૂરી છે. હેલ્મેટ નહિ પહેરવો, રોંગ સાઇડ જવું સહિતના અનેક કારણો અકસ્માત માટે જવાબદાર છે. વાહનચાલકો નિયમોનું પાલન કરે તે માટે દર વર્ષે જાન્યુઆરી મહીનામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. શહેરમાં સૌથી વધુ ટ્રાફિકની સમસ્યા એબીસી ચોકડી વિસ્તારમાં વધુ જોવા મળે છે. આરટીઓના ઇન્સ્પેકટર અને ટ્રાફિક વિભાગના સંયુક્ત ક્રમે માર્ગ સલામતી માટે વાહન ચાલકોને જાગૃત કરવા તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે જાગૃતિ અભિયાન ચલાવ્યું હતું. જેમાં વાહન ચાલકોને ઊભા રાખી નિયમો દર્શાવતું પૅમ્પ્લેટ આપી સલામતી માટે બાઈક ચાલકોને હેલ્મેટ કાર ચાલકને સીટબેલ્ટ પહેરવા સહિતની માહિતી આપવામાં આવી હતી. સાથે જે વાહન ચાલકો હેલ્મેટ અને સીટબેલ્ટ પહેરી નિયમોનું પાલન કરનારને ગુલાબનું ફૂલ આપવામાં આવ્યાં હતાં. આ વાહનચાલકોને ગુલાબના ફૂલ આપી ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સમજાવવામાં આવ્યાં હતાં અને ફરીથી નિયમોનો ભંગ કરશે તો મેમો આપવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું.



વાહનચાલકોને નિયમોની સમજ અપાઈ હતી.

**DATE: 06/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ચીખલી ગામે સટ્ટાબેટિંગના આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ, તા. ૫

નેત્રંગ તાલુકાના ચાસવડ-કબીર ગામ રોડ ઉપર અંદરની તરફ આવેલ ચીખલી ગામે નેત્રંગ પોલીસે આંક ફરકના આંકડાનો જુગાર રમાડતા એક શખ્સને કુલ રૂ.૬૧૦૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

## પોલીસે મુદામાલ જપ્ત કરી એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો

નેત્રંગ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા. ૪ ના રોજ પેટ્રોલિંગમાં હતા. તે સમય દરમિયાન બાતમીના આધારે ચીખલી ગામે દુકાન ફળીયામા રહેતો તુલસી રૂપસીંગ ચૌધરી પોતાના ઘરના આગળના ભાગે આવેલ ખુલ્લી જગ્યામાં આંક ફરકના આંકડાનો સટ્ટા બેટીંગનો જુગાર રમી રમાડી રહેલી છે. જે બાતમી આધારે રેડ કરાતા આંકડાનો જુગાર લખાવતા શખ્સો પોસીસને જોતા જ ભાંગી ગયા હતા. આંકડા લખતો તુલસી રૂપસીંગ ચૌધરી ઝડપાઈ ગયો હતો. તેની અંગઝડતી કરાતા હાથમાની એક થેલીમાં આંકડા લખવાની બે બુક તેમજ બોલપેન એક મળી આવેલા અને રોકડા રૂ.૨૧૦૦ મો. નંગ ૧ રૂ ૪૦૦૦ મળી કુલ રૂ.૬૧૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

તેની ઉલટ તપાસ હાથ ધરાતા જણાવેલુ કે તે આંકડા લખી મૌઝા ગામના જામુની ફળીયા વિસ્તારમાં આવેલ સ્કુલ ફળીયામા રહેતો કલ્પેશ ઉર્ફે કલો લક્ષ્મણ ચૌધરીને આપતો હતો. જે હકીકત આધારે નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી કલ્પેશ ઉર્ફે કલો લક્ષ્મણ ચૌધરી રહે જામુની સ્કુલ ફળીયુને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

**DATE: 06/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વર પિરામણ ગરનાળા પાસે ટેમ્પામાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે સંજય નગરમાં રહેતો સલાઉદીન ઉર્ફે શહેઝાદ સલીમ પટેલ જી.આઈ.ડી.સી.ડેપોમાં એક ટેમ્પો લઈ વિદેશી દારૂનો જથ્થો લેવા ગયેલ છે.અને પીરામણ ગરનાળાથી ચર્ચ જકાત નાકાથી નવી નગરી બાજુ જનાર છે.જેવી બાતમીના આધારે પોલીસે પિરામણ ગરનાળા પાસે વોચ ગોઠવી હતી.તે દરમિયાન બાતમી વાળો ટેમ્પો આવતા પોલીસે તેમાં તપાસ કરતા તેમાંથી કાપડની થેલી અને ટ્રોલી બેગમાંથી વિદેશી દારૂની ૨૮૮ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે ૨૮ હજારનો દારૂ અને ટેમ્પો મળી કુલ ૩.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને સલાઉદીન સલીમ પટેલને ઝડપી પાડ્યો હતો.જ્યારે કમલેશ ઉર્ફે મુકેશ ખોડા વસાવા,રમીલાબેન ઉર્ફે નાનકી વસાવા,સુભાષ ઉર્ફે લાલુ યાદવ સહિતચાર ઈસમોને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 06/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઉત્તરાયણ પર્વને લઇને જાહેરનામું પાડ્યું

# ચાઈનીઝ-નાયલોન દોરોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં આગામી 14 મી જાન્યુઆરીએ ઉતરાયણનો તહેવારને ધ્યાનમાં લઈને ભરૂચ જિલ્લા અધિક કલેકટર એન.આર.ધાંધલે કેટલાંક ચોક્કસ પ્રકારના પ્રતિબંધ મુક્યાં છે.

જાહેરનામામાં જણાવાયું છે કે, સમગ્ર ભરૂચ જિલ્લાના વિસ્તારમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ પ્લાસ્ટીક કે સિન્થેટીક મટીરીયલ કે તેવા ચાઈનીઝ પ્રકારના મટીરીયલથી બનેલા તથા નાયલોન દોરા અથવા ટોક્સીક મટીરીયલ (ઝેરી તત્વો)નાં દોરાનો પતંગ ચગાવવા કે ઉપયોગ કરવા કે વેચાણ, સંગ્રહ, તથા વ્યાપાર કરવા માટે સમગ્ર મહેસુલી વિસ્તારમાં ઉતરાયણના તહેવારને અનુલક્ષીને હુકમની તારીખથી 20 જાન્યુઆરી 2025 સુધી પ્રતિબંધ ફરવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતાની કલમ-223 હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**DATE: 06/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# વાલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ પીધેલી હાલતમાં ૧૩ શખ્સ ઝડપાયા

નેત્રંગ, તા. ૫
વાલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ તા.૩૧ ધ્યાને રાખી વાલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ પીધેલા લોકો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

## કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે અલગ અલગ ટીમ બનાવી ચેકિંગ કર્યુ હતુ

કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસની અલગ અલગ ટીમ બનાવી પ્રોહિબિશન હાથ ધરી વાહન ચેકિંગ કરી કડક કામગીરી હાથ ધરી હતી. જેમાં કેટલાક વાહન ચાલકો અને જાહેરમાં નશો કરનારાને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેમા તા. ૩૦ અને ૩૧ એમ બે દિવસ આ કાર્યવાહી ચાલુ રાખતા ૧૩ શખ્સ પીધેલી હાલતમા ઝડપાઈ હતા. જેમા (૧) વિનોદ છના વસાવા (રહે દેશાડ) (૨) રણજીત દલસુખ વસાવા (રહે સોડગામ) (૩) મનોજ ચતુર વસાવા (રહે તાડ ફળીયુ નિકોલી) (૪) વિજય અર્જુન વસાવા (રહે ખાડી ફળીયુ લુણા) (૫) દિનેશ ગોમાન વસાવા (રહે મંદિર ફળીયુ ડહેલી) (૬) ગુમાન રણજીત વસાવા (રહે ચોટલીયા હાલ રહે શાંતિનગર કોલોની વાલીયા) (૭) દિપક છોટુ વસાવા (રહે હનુમાન ફળીયુ વાલીયા) (૮) મયુર રમેશ વસાવા (રહે ટેકરી ફળીયુ સેંગપુર તા.અંકલેશ્વર) (૯) રાજુ અમરસીંગ વસાવા (રહે ચમારીયા) (૧૦) અરવિંદ કાન્તુ વસાવા (રહે નવુ ફળીયુ ઉમરગામ) (૧૧) રાકેશ રણજીત વસાવા ( રહે હોળી ફળીયુ કનેરાવ) (૧૨) રાકેશ રતિલાલ તડવી (બેન્ક ઓફ બરોડા એટીએમ સામે વાલીયા) (૧૩) સુનીલ રાજેશ વસાવા (રહે શાંતિનગર ફળીયુ વાલીયા ઝડપાઈ ગયા હતા.

DATE: 07/01/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-01

# કાપોદ્રા ગામને જોડતા માર્ગ ઉપર દારૂ સાથે બૂટલેગરની અટકાયત

અંકલેશ્વર તા. ૬

અંકલેશ્વર તાલુકા પોલીસે કાપોદ્રા ગામની સીમમાં નવજીવન હોટલથી કાપોદ્રા ગામને જોડતા માર્ગની અવાવરું જગ્યા પરથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. કાપોદ્રા ગામની ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતો જતિન અશ્વિની પાંડે કાપોદ્રા ગામની સીમમાં નવજીવન હોટલથી કાપોદ્રા ગામને જોડતા માર્ગની ઝાડીઓ વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૪૮ નંગ બોટલ મળી કુલ રૂ.૩૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.બૂટલેગર જતીન પાંડેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 07/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# બાકરોલ નજીક શંકાસ્પદ ભંગાર ભરેલા ટેમ્પો સાથે શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા. ૬

**પાનોલી પોલીસે બાકરોલ ગામ પાસે આવેલા કામધેનુ એસ્ટેટ નજીકથી શંકાસ્પદ ભંગાર ભરેલા ટેમ્પો સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.**

## ૧.૯૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી

પાનોલી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાકરોલ ગામ પાસે આવેલ કામધેનુ સ્ટેટ નજીક શંકાસ્પદ ભંગાર ભરેલ ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવી અંદર તપાસ કરતા તેમાંથી ૧૫૨૦ કિલો ભંગારનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે મૂળ યુપી અને હાલ અંકલેશ્વર ખાતે રહેતો ધનેશ વિષ્ણુદેવ યાદવની ભંગાર અંગે પૂછપરછ કરતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે તેની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી રૂ. ૧.૯૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 07/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# મૌઝા ગામે ખાડી કિનારે જુગાર રમતા ત્રણ જુગારી ઝડપાયા

નેત્રંગ. તા.૬

નેત્રંગ-ઝંખવાવ રોડ પર ઓવાલ મૌઝા ગામની ખાડીના કિનારે ધમધમતા જુગારના અડ્ડા પર નેત્રંગ પોલીસે છાપો મારી ત્રણ જુગારીને રૂ. ૨૦૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.જ્યારે અન્ય ૭ જુગારી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા.નેત્રંગ પોલીસ મથકેનો સ્ટાફ વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગારીની પ્રવૃતિને નાબૂદ કરવા તા.૫ ના રોજ ખાનગી વાહન મારફતે ચાસવાડ બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા.તે સમયે બાતમીના આધારે મૌઝા ગામે હોળી ફળિયામાં ખાડી કિનારે અનિલભાઈ ચૌધરીના ખેતરના શેઢા નજીક ખુલ્લી જગ્યામા વૃક્ષ નીચે કેટલાક શખ્સ જુગાર રમી રહ્યા છે. જે બાતમી આધારે છાપો મારી કોર્ડન કરી ત્રણ જેટલા જુગારીયાઓ ઝડપાઈ ગયા હતા. જેમા (૧) સુરેશ રેવજી ચૌધરી ( રહે ચીતરા ડુંગર ફળીયું મૌઝા ) (૨) સુભાષ ભગુ વસાવા (રહે ચીતરા ડુંગર ફળીયું મૌઝા) (૩) જીગ્નનેશ શંકર વસાવા ( રહે હાથા કુંડી ફળીયુ મૌઝા ) ઉપરોક્ત ત્રણેની અંગઝડતી કરાતા રોકડા રૂ.૭૯૦ દાવ પર ના રોકડ રૂ.૩૨૩૦ મળી કુલ્લે રૂ.૪૦૨૦ નો મુદામાલ જપ્ત કરેલ છે.પોલીસ ને ચકમો આપી ફરાર થયેલામાં (૧) રીતેશ ચૌધરી રહે જુની જામોની મૌઝા (૨) વિમલેશ કંચન વસાવા ( રહે હાથાકુંડી ફળીયુ મૌઝા)(૩) હરેશ હરીસીંગ વસાવા (૪) શૈલેષ ફતેસીંગ વસાવા (૫) રણજીત જયંતી વસાવા (૬) રાજેશ લક્ષ્મણ વસાવા (૭) રાહુલ રમેશ વસાવા તમામ રહે મૌઝા ૭ શખ્સ ને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી કરી હતી.

**DATE: 08/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# બિહારમાં 11 વર્ષથી વોન્ટેડ મહિલા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

બિહારના 11 વર્ષથી વોન્ટેડ મહિલા આરોપીને પોલીસે પકડી પાડી ભરૂચ મહિલા પોલીશટેશન ના કર્મચારીઓ થકી દહેજ ધારા ના ગુન્હામાં વોન્ટેડ આરોપીને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. જેમાં છેલ્લા 11 વર્ષથી બિહાર રાજ્યના વોન્ટેડ આરોપી અર્ચના યાદવ મૂળ રહે પંસારી ગામ પટના જિલ્લાના રહીસ છે. જેઓ મંગળવારે ભરુચ જીઇબી સ્ટેશન પાસે ઓસારા રોડ પાસેથી હકીકતના આધારે પકડી પાડી હતી. અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પશુની હેરાફેરી માટે મંજૂરી નહિ હોવાથી અંકલેશ્વર પોલીસે કાર્યવાહી કરી

# સામરખાથી ટ્રકમાં મહારાષ્ટ્રના ધુલિયામાં કતલખાને લઈ જવાતાં 19 પશુઓને બચાવાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નેશનલ હાઈવે પર પલ્સ હોટલ કમ્પાઉન્ડમાં બંધ બોડીની ટ્રકમાં ક્રુરતાપુર્વક બાંધવામાં આવેલી 19 ભેંસોને પોલીસે મુક્ત કરાવી છે. ખેડાના સામરખાથી પશુને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઈ જવામાં આવી રહી હતી. ગુજરાતમાંથી પશુઓને અન્ય રાજયોમાં લઈ જવા પર પ્રતિબંધ હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી છે. ટ્રકના ડ્રાઈવર પાસેથી પશુઓની હેરાફેરી માટે સક્ષમ અધિકારીનું મંજૂરી પત્ર ન હતું.

અંકલેશ્વર તાલુકા પોલીસ ગત રાત્રીના પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કંટ્રોલરૂમ પર આવેલ ફોન આધારે નેશનલ હાઈવે નંબર 48 પર પ્લસ હોટલ કમ્પાઉન્ડમાં એક બંધ બોડીની ટ્રકની તપાસ આદરી હતી. બંધ બોડીની ટ્રકની તપાસ કરતાં તેમાંથી ખીચોખીચ રીતે 19 જેટલી ભેંસો ક્રૂરતા પૂર્વક બાંધેલી હતી. તેમજ ત્યાં તેમના માટે પાણી કે ઘાસચારો પણ રાખવામાં આવ્યો હતો.

ટ્રકના ડ્રાઈવર અને મૂળ સિદ્ધપુર પાટણના યાસીનખાન ઈબ્રાહીમખાન બલોચની ધરપકડ કરી હતી અને તેની પૂછપરછ કરવામાં આવી હતી. તેણે આ ભેંસો ખેડાના સામરખા ગામે અઝહર નામના ઈસમે ભરાવી આપી હતી અને મહારાષ્ટ્રના ધૂલીયાખાતે પહોંચાડવાની હતી હોવાની કબૂલાત કરી હતી. ટ્રક અને ભેંસો સહિત કુલ 6.90 લાખનો મુદ્દામાલ કબજે લેવાયો હતો. આ ભેંસોને હાલ પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવી છે.

### પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતે આયોજન કરાયું

# ભરૂચમાં આજે 700 જેટલાં ઉમેદવારોની શારીરિક કસોટી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગુજરાત પોલીસની ખાલી પાડેલી 12 હજારથી વધુ ખાલી જગ્યા ભરવા માટે ઉમેદાવરોની શારીરિક કસોટીનું આયોજન બુધવારથી કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે રાજ્યભરમાં 15 અલગ અલગ ગ્રાઉન્ડ પર કસોટી માટેનું આયોજન કરાયું છે. ત્યારે ભરૂચમાં પણ હેડ ક્વાટર્સ ખાતેના ગ્રાઉન્ડ પર ઉમેદવારોની શારીરિક કસોટી લેવામાં આવશે. જેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

ગુજરાત પોલીસમાં ખાલી પડતી 12,472 જેટલી જગ્યાઓ માટે કુલ 16 લાખ જેટલા ઉમેવદારોએ ફોર્મ ભર્યાં છે. ત્યારે તમામ ઉમેદવારોને યોગ્ય તક મળી રહે તે માટે રાજ્યભરમાં અલગ અલગ 15 ગ્રાઉન્ડ પર 8મી જાન્યુઆરીથે 31મી જાન્યુઆરી સુધી ઉમેદવારોની શારીરિક કસોટી માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટેની જરૂરી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પોલીસ ગ્રાઉન્ડ ખાતે રજીસ્ટ્રેશન, દોડ, ઊંચાઈ, વજન, છાતી સહિત શારીરિક કસોટી ઉમેદવારો આપનાર છે. એસપી મયુર ચાવડાએ ગ્રાઉન્ડનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચનાઓ આપી હતી.

384.61 મીટરના ગ્રાઉન્ડમાં ઉમેદવારોએ તેના 25 મિનિટમાં 13 રાઉન્ડ લગાવીને 5 હજાર મીટરની દોડ પૂર્ણ કરવાની રહશે. જેમાં પ્રથમ દિવસે અંદાજીત 700 , બીજા દિવસે 1200 અને ત્રીજા દિવસે 1600 ઉમેદવારોની શારીરિક ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. ભરતી પ્રક્રિયા માટે કુલ 108 ગ્રાઉન્ડ માટે અને 35 ગ્રાઉન્ડ બહાર અધિકારીઓ અને પોલીસકર્મીઓ ફરજ બજાવશે. ઈમરજન્સી માટે મેડીકલ ટીમ, એમ્બ્યુલન્સ સહિતની ટીમો પણ હાજર રખાશે. બહારથી આવનાર ઉમેદવારો પાસે જો રહેવાની સગવડ ન હોય તો પોલીસ દ્વારા સરદાર બેરેકમાં પણ તેમની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ભરવાડ સમાજ તરફથી પણ ચાવજ ગામમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હોવાની માહિતી મળી છે.

# ભરૂચ જિલ્લા ભાજપનાં પૂર્વ મહિલા પ્રમુખને બદનામ કરનારો ઠગબાજ વડોદરાથી ઝડપાયો

**ભાજપના નેતાઓ સાથે ફોટો પડાવી ફેસબુક પર પોતે મોટો બિઝનેસમેન હોવાનો ઢોંગ રચી મહિલાઓને વશમાં કરી પૈસા પડાવતો હતો**

ભરૂચઃ ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ મહિલા પ્રમુખને બદનામ કરનારા શખ્સને ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યો છે. કથિતપણે ઝડપાયેલો આરોપી ચિંતન પટેલ ભાજપના નેતાઓ સાથે ફોટો પડાવી, ફેસબુક પર એમએલએ લખી પોતે બહુ મોટો બીઝનેસમેન હોવાના ઢોંગ કરીને મહિલાઓને પોતાના વશમાં કરતો હતો. માત્ર ભરૂચ જિલ્લો જ નહિ, પણ વડોદરા જિલ્લામાં અનેક ગુનાઓને તેણે અંજામ આપ્યો હોવાનો ઘટસ્ફોટ પોલીસ વિભાગે કર્યો હતો. વડોદરામાં ઘણાં સમયથી રહેતો હોવા છતા અને



આજ જિલ્લામાં છેતરપીંડીનાં કેટલાક ગુનાઓમાં સંડોવાયેલો આરોપીને સ્થાનિક પોલીસ પકડી શકી ન હતી. જો કે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે દબોચી લેતા આ શખ્સનાં અનેક રહસ્યમયી કારસ્તાન તપાસમાં બહાર આવી શકે એમ છે.

છઠ્ઠા એડિશનલ સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટ દ્વારા સીઆરપીસી કલમ 70 હેઠળ ચિંતન પ્રભુદાસ પટેલ (રહે. A/21, દીનદયાલ આવાસ યોજના, વાઘોડિયા બ્રિજની બાજુમાં, વડોદરા અગાઉ રહે. 403, ઝીલીયન સ્પર્શ, દાવત હોટલની સામે, નેશનલ હાઈવે નં-8, વડોદરા મૂળ રહે. પરબડી ફળિયું, જેસીંગપુરા, તા-વાઘોડિયા, જિ-વડોદરા) સામે વોરંટ ઈશ્યુ કરાયું હતું. જે બાબતે ભરૂચ પોલીસે વડોદરાથી આરોપીને ઝડપી લીધો હતો. ઝડપાયેલો ચિંતન પટેલ ભૂતકાળમાં ભરૂચ જિલ્લા ભાજપ પૂર્વ મહિલા પ્રમુખ સાથે ઠગાઈ કરવાના વિવાદમાં આવ્યો હતો. એ વખતે પૂર્વ મહિલા પ્રમુખ સાથેના મોર્ફ કરેલા ફોટો વાયરલ કરીને તેણીને બદનામ કરવાનું કાવતરું રચ્યું હતું. જેને લઈને સાયબર ક્રાઈમ પોલીસ મથકે ચિંતન પટેલ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**DATE: 09/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## પોલીસ વિભાગની સરાહનીય કામગીરી

# ભરૂચમાં 300 થી વધુ બાઈક ચાલકે સુરક્ષા ગાર્ડ લગાવ્યાં

**ભાસ્કર ન્યૂઝ | ભરૂચ**

ઉત્તરાયણનો તહેવાર નજીક આવી ગયો છે, ત્યારે પતંગના દોરા ચારે તરફ પડી રહે છે જેના કારણે દોરીથી કપાય જવાની ઘટના બનતી હોય છે. ત્યારે બાઈક ચાલકોમાં જાગૃતિ થાય એને પતંગ ના દોરાથી રક્ષણ મળી રહે એ માટે ભરૂચ કસક સર્કલ એસોજી પોલીસ સ્ટેશન પાસે યુવા આગેવાન યોગી પટેલ અને પીઆઈ ભાવના મહેરિયા સહિત ટ્રાફિક પોલીસના સહયોગથી બાઈક ચાલકોને સુરક્ષા માટે 300 થી વધુ સેફ્ટી તાર વિના મૂલ્યે લગાડવામાં આવ્યા હતા. જે લગાવવા માટે બાઈક ચાલકોની કતાર લાગી હતી. જેમાં મોટા ભાગના બાઈક ચાલક 40 વર્ષથી વધુ વયના લોકોએ સલામતી માટે સુરક્ષા ગાર્ડ લગાવવા માટે આવ્યા હતા. ઉત્તરાયણ આવતા પહેલા વિવિધ સંસ્થાઓ તરફથી વાહન ચાલકોની સુરક્ષા માટે વીના મુલ્યે સેફ્ટીગાર્ડનું વિતરણ કરવામાં આવતું હોય છે.

### દેવામાં ડૂબી ગયેલો છાત્ર ખેપિયો બન્યો, એક ફેરાના બે હજાર મળતાં હતા

# અંકલેશ્વરમાં સગીર પાસેથી દારૂની ખેપ મરાવનારા 2 બૂટલેગર પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં દારૂની હેરાફેરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઓનલાઇન ગેમના રવાડે ચઢી ગયેલો સગીર પૈસા કમાવા માટે બુટલેગરોના રવાડે ચઢી ગયો હતો. બુટલેગરો તેને એક ફેરાના 2 હજાર રૂપિયા આપતાં પણ આ યુવાન પોલીસના હાથે ઝડપાઇ જતાં બુટલેગરોના કાવતરાનો પર્દાફાશ થયો હતો. આખરે પોલીસે આ કેસમાં બંને બુટલેગરોને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

વર્તમાન સમયમાં મોબાઇલ ફોનનું લોકોને વળગણ લાગી ગયું છે ત્યારે યુવાનો ઓનલાઇન ગેમના રવાડે ચઢી ગયાં છે. અંકલેશ્વરનો એક સગીરને ઓનલાઈન ગેમમાં 30 હજારથી વધનું દેવું થઇ જતાં તેણે પૈસા કમાવાનો શોર્ટકટ શોધવા લાગ્યો હતો. દરમિયાન તે બુટલેગરોના સંપર્કમાં આવ્યો હતો અને બુટલેગરોએ તેને દારૂની એક ફેરાના 2 હજાર રૂપિયા આપવાનું નકકી કર્યું હતું. અંકલેશ્વર રેલવે સ્ટેશન અને નેશનલ હાઈવે પર આવેલી રાજપીપળા ચોકડી પર ટ્રેન અને વાહનોમાં આવતા બિનવારસી દારૂને ઉતારી બુટલેગર સુધી પહોંચાડવા કામ તે કરી રહયો હતો.

દરમિયાન બે દિવસ પહેલાં તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસના હાથે ઝડપાયા બાદ તેણે પોલીસ સમક્ષ કરગરીને તેની પરીક્ષા હોવાથી છોડી દેવા વિનંતી કરી હતી. યુવાનનું કેરિયર ન બગડે તે માટે પોલીસે કોર્ટમાં રજૂ કરી તેના જામીન કરાવી આપ્યાં હતાં. તેની પૂછપરછમાં બુટલેગર ઈમરાન ઉર્ફે મરઘી અને ચંદ્રેશ ઉર્ફે ચંદાનું નામ ખુલતાં પોલીસે તેમને ઝડપી પાડયાં હતાં.

# ગડખોલમાં જાહેરમાં તલવાર વડે કેક કાપનારો બર્થ-ડે બોય ભેરવાયો

**પાછા** હોંશિયારીમાં સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ કરતાં પોલીસે ગુનો નોંધી અટકાયત કરી



અંકલેશ્વર,ભરૂચઃ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામની યોગેશ્વર નગરમાં રહેતા વિષ્ણુ રાજકુમાર કુશ્વાહા (ઉ.વ.24)એ પોતાના જન્મદિવસ નિમિત્તે જાહેરમાં કેક કટિંગ કરીને ઉજવણી કરી હતી. જો કે આ ખુશીના પળની ઉજવણીમાં તેણે કેક તલવાર વડે કટિંગ કરી હતી અને આ અંગેનો વિડીયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જે અંગેની જાણ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને થતા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી અને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરનાર વિષ્ણુ કુશ્વાહાની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે તેની સામે જી.પી.એક્ટ કલમ 135 (3) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**DATE: 10/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### શાળામાં મધ્યાન્હ ભોજન રસોડાની મુલાકાત લીધી

# ઝઘડિયાના નવ નિયુક્ત એસીપીએ રાણીપુરા ગામે વિલેજ વિઝિટ કરી

## ગ્રામજનોની સમસ્યાઓ-પ્રશ્નો બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરી

। ઝઘડિયા ।

ઝઘડિયાના એસીપી તરીકે અજય કુમાર મીણાની નિમણૂક કરવામાં આવી હતી. જેમને આજરોજ ઝઘડિયા તાલુકાના રાણીપુરા ખાતે તેમની વિલેજ વિઝીટ કરી હતી.

એસીપી દ્વારા સરપંચ મીનાબેન વસાવા, ઉપસરપંચ મનોજભાઈ દેસાઈ, તાલુકા પંચાયત સદસ્ય વિશાલ પટેલ, ગામ આગેવાનો તથા ગ્રામજનો સાથે તેમને પડતી સમસ્યાઓ બાબતે પૂછપરછ કરી હતી.

આ ઉપરાંત પોલીસ પેટ્રોલિંગ, ચોરીની ઘટનાઓ, કોઈ માથાભારે ઈસમો દ્વારા હેરાનગતિ બાબતે પૂછપરછ કરી હતી અને જો આવી કોઈ સમસ્યા હોય તો તુરંત ઝઘડિયા પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

એસીપીની રાણીપુરા વિલેજ વિઝીટ દરમિયાન તેઓએ પ્રાથમિક શાળામાં આવેલ મધ્યાન્હ ભોજન રસોડાની મુલાકાત લઈ સંચાલન બાબતે ચર્ચા કરી હતી.

આ ઉપરાંત રાણીપુરા ગામ ખાતે આવેલ કસ્તુરબા ગાંધી બાલવિદ્યા મંદિર (કેજીબીવી)ની પણ તેઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી અને કેજીબીવીનું સંચાલન કેવી રીતે થાય છે, સંચાલન દરમિયાન કોઈ સમસ્યાઓ બાબતે પૂછપરછ આદરી હતી તથા બાળકીઓની સુરક્ષા બાબતેના પાસાઓ ચકાસ્યા હતા અને કઈ પણ સમસ્યા હોય તો તુરંત ઝઘડિયા પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

**DATE: 10/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ચાઇનીઝ દોરીના સંદર્ભમાં દુકાનોમાં તપાસ ઝઘડિયા પોલીસ વિભાગે બાઈક સવારોને સેફટીગાર્ડનું વિતરણ કર્યું

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા ખાતે પોલીસ તરફથી ઉત્તરાયણના પર્વને અનુલક્ષીને પતંગના દોરાથી બચવા બાઈક ચાલકોને સેફ ગાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.હાલમાં આવનાર ઉત્તરાયણના પર્વ અંતર્ગત ઠેરઠેર પતંગો ચગાવવાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે કપાયેલી પતંગોના દોરાથી બાઈક ચાલકોને મોંઢા અને ગળાના ભાગે ઈજાઓ થવાની દહેશત રહેલી હોય છે. પતંગના દોરાથી બચવા બાઈકના સ્ટીયરિંગ પર સળિયાનો બનેલ સેફ ગાર્ડ લગાડાય છે. પીઆઈ એન.આર.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે ઝઘડિયા ચાર રસ્તા નજીક આવતા જતા બાઈક ચાલકોને સેફ ગાર્ડનું વિતરણ કર્યું હતું. વળી જો પતંગ ચગાવવા માટે ચાઈનીઝ દોરીનો ઉપયોગ થાય તો તેનાથી આકાશમાં ઉડતા પક્ષીઓને ઈજા થતા તેમના મોત પણ થઈ શકે છે,તેથી ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ રાખવામાં આવેલ છે. ઝઘડિયા પોલીસ દ્વારા પતંગ દોરાની દુકાનોમાં ચાઈનીઝ દોરી સંદર્ભે તપાસ કરવામાં આવી હતી.જોકે ચાઈનીઝ દોરીના વેચાણનો કોઈ કેસ જોવા મળ્યો નહતો.

**DATE: 10/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બાકરોલ બ્રિજ પાસે બાતમીને આધારે પોલીસે કાર રોકી હતી

# દમણથી દારૂની 8 બોટલ લાવનાર મહિલા સહિત 4 આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | પાનોલી

બે દિવસ પૂર્વે દમણ ગયા બાદ પરત ફરતા 3 ઈસમો દારૂની બોટલ સાથે એલસીબી પોલીસે ઝડપી પાડ્યા હતા. બાકરોલ બ્રિજ પાસે બિયર અને દારૂની 8 બોટલોસાથે 3 ઈસમ અને એક મહિલાની ધરપકડ કરી 5.41 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કરી પાનોલી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ નેશનલ હાઈવે નંબર 48 પર પાનોલી નજીક પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે સુરત તરફથીઆવતી એક કાર રોકી હતી. કારની તલાસી લેતા અંદરથી બિયર અને દારૂની નાની મોટી 8 બોટલ મળી આવી હતી. કાર સવાર પ્રજ્ઞેશ નરેશ પટેલ ,હાર્દિક બળવંત પટેલ, દિગ્વિજયસિંહડોડીયા અને એક મહિલાની અટક કરી પૂછપરછ શરૂ કરી હતી. તેમણે કહયું હતું કે, તેઓ બે દિવસ પૂર્વે દમણ ફરવા ગયા હતા અને ત્યાંથી પરત ફરતી વેળા પીવા માટે દારૂ લઈ આવ્યા હતા. તેઓ દારૂ દમણથી દારૂ ધર્મેશ ઉર્ફે બોળકોધોળી પાસેથી લાવ્યા હોવાની કબૂલાત કરતા પોલીસે તેને વોન્ટેડજાહેરકરી દારૂ અને કાર મળી 5.41 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કરી પાનોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી વધુ તપાસ આરંભી હતી.બે દિવસ પૂર્વે દમણ ગયા બાદ પરત ફરતા 3 ઈસમો દારૂની બોટલ સાથે એલસીબી પોલીસે ઝડપી પાડ્યા હતા.

**DATE: 10/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 12 મીટર પહોળા રોડ પર 5 મીટરથી વધુની જગ્યા રોકી લેતાં ટ્રાફિકમાં અડચણ

# ભરૂચના સેવાશ્રમ રોડ પર દબાણ કરનાર 34 લારીધારકો સામે પોલીસે ગુનો નોંધ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના હાર્દસમા પાંચબત્તીથી શક્તિનાથ અંડરપાસ સુધીના રસ્તાને વાહનચાલકોની સુવિધા માટે 12 મીટર જેટલો પહોળો કરાયો હતો પણ આ માર્ગ પર સાંજથી રાત્રિ સુધી શાકભાજી અને ફળ ફળાદીની લારીઓ ઉભી રહેતી હોવાથી 5 મીટર જેટલા જગ્યા રોકાઇ જતાં ટ્રાફિકજામની સમસ્યા વકરી હતી..

પાંચબત્તીથી સિદ્ધનાથ નગર સુધીનો માર્ગ એકંદરે સતત વ્યસ્ત રહેતો માર્ગ છે. તેમાંય સેવાશ્રમથી કલામંદીર સુધીના ખખડધજ માર્ગ પર થોડા સમય પહેલાં જ પેવર બ્લોક નાંખવામાં આવ્યાં છે. દુકાનો સુધી આખેઆખો પેવર બ્લોક વાળો રસ્તો થઇ જવાને કારણે એક સાથે ચાર વાહનો પસાર થઇ શકે તેટલો પહોળો માર્ગ બની ગયો છે. તેમ છતાં ટ્રાફિકની સમસ્યા હલ થવાનું નામ નથી લેતી. તેમાંય સાંજના સમયે ખરીદી માટે લોકોની ભીડ જામતી હોવાને કારણે સ્થિતી વધુ વિકટ બની જાય છે. સ્થાનિક રહિશો દ્વારા ટ્રાફિક નિવારણ માટે પોલીસ મથકમાં રજૂઆતો કરવામાં આવે છે. અને રોડ પર ઉભા રહેતાં ફ્રૂટ-શાકભાજીની લારીઓવાળાને કારણે ટ્રાફિક થતો હોવાની ફરિયાદ કરી છે. જેના પગલે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ વી. યુ. ગડરિયાની સૂચનાથી પોલીસ સ્ટાફે સેવાશ્રમ રોડ પર હોસ્ટેલ ગ્રાઉન્ડથી રિલાયન્સ મોલ તરફ જવાના રોડ પર ખાસ ઝૂંબેશ હાથ ધરી હતી. જેમાં ટીમોએ આ રોડ પર ટ્રાફિક સર્જાય તે રીતે વેપાર કરતાં ફ્રૂટ-શાકભાજીની લારી સંચાલકો સામે કાર્યવાહી કરી હતી. ટીમોએ કુલ 34 લારીઓ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.



ભરૂચના સેવાશ્રમ રોડ પર બેરિકેડ મુકી દેવાયાં છે.

## પાલિકા અમને સારી જગ્યા ફાળવે

લારી સંચાલકોએ જણાવ્યું હતું કે, અમે રોજ કમાઈને રોજ ખાઇ પેટિયું રળિયું છે. સાંજના સમયે અમારી લારી પર ખરીદી કરવા આવતાં મોટા વાહન ચાલકો રસ્તામાં જ વાહન ઉભા કરી દેતાં હોવાને કારણે ટ્રાફીક સર્જાય છે. અમારી લારીઓ તો રોડની સાઈડમાં જ હોય છે. તંત્ર પણ પાડાના વાંકે પખાલીને ડામ જેવું વર્તણ કરે છે. અમારી આજીવિકા છીનવાઇ છે. ત્યારે પાલિકા - વહિવટી તંત્ર દ્વારા અમે અમારી સ્વરોજગારી ચલાવી શકીએ તે માટે વ્યવસ્થિત સારી જગ્યા ફાળવી આપે તે જરૂરી છે.

## ત્રણ મહિલાઓને જાત જામીન આપી મુક્ત કરાઇ

પોલીસે 3 મહિલા સહિત કુલ 34 જેટલાં શાકભાજી-ફ્રૂટ વેચતાં લોકોની અટકાયત કરી હતી. મહિલાઓને ખાસ કિસ્સામાં પોલીસે જાત જામીન આપી મુક્ત કરી હતી. જ્યારે અન્ય લારી સંચાલકોની ધરપકડ કરવામાં આવી હતી.

## અનેકવાર કાર્યવાહી કરી, સ્થિતિ જૈસે થૈ

ભરૂચના સેવાશ્રમ રોડ પર સાંજના સમયે લારીઓવાળાને કારણે ટ્રાફિકની ભારે સમસ્યા ઉદ્ભવે છે. અલગ અલગ સોસાયટીઓમાંથી વારંવાર રજૂઆતો કરવામાં આવતી હતી. લોક દરબારમાં પણ આ પ્રશ્ન સતત આવતો હોઈ અગાઉ 8 - 10 લારી સંચાલક સામે કાર્યવાહી કરી તેમને ત્યાંથી હટવા માટે તાકીદ કરવામાં આવી હતી. જોકે, તેઓ પુનઃ ત્યાં ઉભા થઇ જતાં હોવાને કારણે સ્થિતી જેવી હતી તેવી થઇ જતી હતી. જેથી આ વખતે કડક પગલાં ભરી એક સાથે 34 લોકો સામે કાર્યવાહી કરી છે. » યુ. વી. ગડરિયા, ઇન્સ્પેક્ટર, એ ડીવીઝન, ભરૂચ

**DATE: 10/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે આરટીઓ અને ટ્રાફિક વિભાગ તરફથી આયોજન

# ભરૂચમાં વિદ્યાર્થીઓએ 2 કિમી રેલી યોજી લોકોને ટ્રાફિકના નિયમોની સમજ આપી



કેજીએમ વિદ્યાલયના 200 જેટલા વિદ્યાર્થીઓ તથા પોલીસ અને આરટીઓના અધિકારીઓની બેનરો સાથે રેલી યોજવામાં આવી હતી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. તેમ છતાં કેટલાક વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા નથી જેના કારણે ગંભીર પ્રકારના અકસ્માત નો ભોગ બને છે. ત્યારે વાહન ચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે માટે ભરૂચ આરટીઓ અને ટ્રાફિક પોલીસ વિભાગના સંયુક્ત ક્રર્મે માર્ગ સલામતી સપ્તાહની નિમિતે કેજીએમ વિદ્યાલયના 200 જેટલા વિદ્યાર્થીઓ થકી બેનરો સાથે રેલી યોજવામાં આવી હતી. આ રેલી કેજીએમ વિદ્યાલય થી નીકળી ઝાડેશ્વર ચોકડી થઈને પરત શાળાએ ફરી હતી. જે અંતર્ગત આવા જવા માટે 2 કિલોમીટર જેટલું અંતર શાળાના વિદ્યાર્થીઓએ રેલી સ્વરૂપે કાપ્યું હતું. રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ લોકોને ટ્રાફિકના નિયમોનું . પાલન કરવાના સૂત્રોચાર કર્યા હતા. જેથી વધુમાં વધુ લોકો ટ્રાફિક નિયમોનું પાલન કરે તે માટે નું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે ટ્રાફિક વિભાગના કર્મચારી પીઆઈ અને આરટીઓના કર્મચારીઓ પણ રેલીમાં જોડાયા હતા. આમ ભરૂચ ના લોકોને વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે જાગૃત કર્યા હતા.

### નિયમો અંગે બાળકોએ મોટેરાઓને સમજાવ્યાં

આજે ભરૂચ ટ્રાફિક અને સિટી ટ્રાફિક તરફથી ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી કેજીએમ વિદ્યાલયના ધોરણ 9 થી 10 ના વિદ્યાર્થીઓને લઈને ટ્રાફિક જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. જેમાં બેનરો સાથે રેલી કાઢવામાં આવી હતી. અને બાળકો થકી ભરૂચની જનતાને સમજાવવામાં આવ્યું કે ટ્રાફિક નિયમન કેવી રીતે કરવું. માર્ગ સલામતી સપ્તાહને લઈને આયોજન કરવામાં આવ્યું છે. ભરૂચની જનતાને અપીલ છે ટ્રાફિકના નિયમોનું પાલન કરો.- **»બી.એલ.મહેરિયા,** પીઆઈ, જિલ્લા ટ્રાફિક

### ટ્રાફિકના નિયમોનું પાલન કરવું જરૂરી છે

ટ્રાફિકના નિયમને લઈને અમે રીલી કાઢી હતી જેમાં હાઈવે સહિત માર્ગ પર ટ્રાફિક નિયમોનું પાલન કઈ રીતે કરવું. અને વાહન ચલાવતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે લોકોને પણ સમજાવ્યા હતા. આમ અમે રેલીમાં બેનરો લઈને પણ ગયા હતા. :- **»પવિત્ર પટેલ-** વિદ્યાર્થી ધો-9

**DATE: 11/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### પોલીસે બે ઈસમોની ધરપકડ કરી

# વાગરાના ભેરસમ ગામેથી કારમાંથી દારૂ ઝડપાયો

। ભરૂચ ।

વાગરા પોલીસે માહિતીના આધારે ભેરસમ ગામ નજીકથી એક ઈક્કો કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસે ઈકો કાર સાથે બે ઈસમોને ઝડપી પાડી દેશી દારૂ અને ઈકો કાર મળીને કુલ રૂા.૩.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જયારે દારૂ આપનારને વોન્ટેડ જાહેર કરીને વધુ તપાસ હાથ ધરી છે.

વાગરા પોલીસનો સ્ટાફ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે સમયે સ્ટાફના માસણોને માહિતી મળી હતી કે, એક સિલ્વર કલરની ઈકો ફોરવ્હીલ ગાડીમાં દેશી દારૂનો ગેરકાયદેસર જથ્થો ભરી વાંસી ગામ તરફથી ભેરસમ કોઠીયા રોડ તરફ આવનાર છે. જેથી ચોક્કસ માહિતીના આધારે કોઠીયા ગામથી ભેરસમ ગામ તરફ જતા રોડ પર અમલેશ્વર ગામ તરફ જવાના નાળા ખાતે વોચમાં બેઠા હતા. આ સમય દરમ્યાન માહિતીવાળી ઈકો કાર આવતા તેને રોકી તેમાં તપાસ કરતા તેમાં બેઠેલા ધર્મેશ મનુભાઈ વસાવા અને અરવિંદ રતિલાલ વસાવા મળી આવ્યા હતા.

પોલીસે કારમા તપાસ કરતા દેશી દારૂ લેખે ૬૫ થેલીમાં કુલ ૩૨૫ લીટર દેશી દારૂ ભરેલ હોય એક લીટર દેશી દારૂની કિંમત રૂા.૨૦૦ લેખે ગણતા કુલ ૩૨૫ લીટર દેશી દારૂની કિંમત રૂા.૬૫૦૦૦ અને ઈકો કારની કિંમત રૂા.૨.૫૦ લાખ ગણીને કુલ રૂા.૩.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જયારે દારૂ અંગે બંનને પુછતાજ કરતા આ દારૂનો જથ્થો ચાવજ ખાતે રહેતા સંતોષ જીવણભાઈ વસાવએ આપ્યો હોવાનું જણાવતા પોલીસે સંતોષને વોન્ટેડ જાહેર કરીને તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### રૂા.૩.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# ભરૂચમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરી વેચતા 2 ઝડપાયા

ભરૂચ: ભરૂચ SOG પોલીસને ભરૂચ લાલ બજાર પોલીસ ચોકી, કતોપોર બજાર વિસ્તારમાં એક સચિન સપન નામનો ઇસમ એક પીળા કલરની કાપડની થેલીમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરીનું વેચાણ કરવા નીકળ્યો છે એવી બાતમી મળી હતી. આથી કતોપોર ઢાળ પર તપાસ કરતાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરીનાં 4 બોબિન સાથે મળી આવતાં રૂ.2400નો મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કર્યો હતો. ઉપરાંત ભરૂચના ગોકુળનગર તાડિયાથી બંબાખાના તરફ એક સંજય વસાવા મોપેડ નં.(GJ-16-DJ-4892)ની ડેકીમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરી વેચાણ કરવા નીકળ્યો હોવાની બાતમી પણ મળી હતી. આ બાતમીના આધારે ગોકુળનગર તાડિયા જવાના ત્રણ રસ્તા પર જઈ તપાસ કરતાં 6 પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના બોબિન સાથે તે મળી આવ્યો હતો, જેમાં રૂ. 3600ની દોરી તેમજ મોપેડ મળી 53,600નો મુદ્દામાલ જપ્ત કરી બંને વિરુદ્ધ ભરૂચ શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

**DATE: 11/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની

# લેબમાંથી ૬ એ.સી અને લેપટોપ ચોરી કરનાર બે તસ્કરોને પોલીસે ઝડપી પાડ્યાં

| જંબુસર

જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલી આરટીપીસીઆર લેબના માસ્ટર મિક્સ રૂમની બાજુમાં બારીનું પતરુ તોડી ત્યાંથી અંદર પ્રવેશી તસ્કરો ૬ એસી અને લેપટોપ સહીતનો કેટલોક સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. બનાવની જાણ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડો. અલીખાન લોહાનીને થતા તેમણે જંબુસર પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી. જે બાદ પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી.પાણમીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.બી.રાઠવા તથા સ્ટાફે તસ્કરોની શોધ કરતાં આ ચોરીમાં મુબારક ઈસ્માઈલ રહીમ મલેક તથા અનસ યુનુશ યાકુબ પટેલ સંડોવાયેલા હોવાનું જણાઈ આવતા પોલીસે તેમની સઘન પુછપરછ કરતા બંનેએ ચોરીની કબૂલાત કરતાં પોલીસે ચોરીનો સામાન જપ્ત કરી બંને રીઢા તસ્કરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 11/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરની નર્મદા પેરામેડિકલ નર્સિંગ ક્લાસની મહિલા સંચાલકની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના નર્મદા પેરામેડિકલ નર્સિંગ ક્લાસની મહિલા સંચાલક દ્વારા વિદ્યાર્થીઓ સાથે કરાયેલી છેતરપિંડી મામલે તેની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરાઈ હતી.

અંકલેશ્વરની નર્મદા પેરામેડિકલ નર્સિંગ ક્લાસીસના સંચાલક ચેતનાબેન નામદેવ નવગીરે કોલેજ માં જી.એન.એમ.(જનરલ નર્સીંગ મિડવાઈફરી) કોર્સ માટે ભરૂચ રહાડપુરના રશ્મિબેન વસાવા તેમજ અન્ય વિદ્યાર્થીનીઓને લોભામણી લાલચ આપી એડમિશન વેળા અસલ માર્કશીટ , એલ.સી. જાતિનો દાખલો, આવક દાખલો, અસલ બેંક પાસબુક, એ.ટી.એમ કાર્ડ , કોરા ચેકો , આધાર કાર્ડ , અને એડમિશન અને પરીક્ષા ફી ઉઘરાવી હતી તેમજ તેમની સ્કોલરશીપના રૂપિયા પણ બારોબાર ઉઘરાવી લીધા હતા. જે અંગે ૨૯ વિદ્યાર્થિનીઓએ ગત નવેમ્બર માસમાં બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ આપી હતી. પોલીસે અરજી સ્વરૂપે ફરિયાદ લઈ આ અંગે વધુ તપાસ આરંભી હતી. ફરિયાદ માં ૨૯ વિદ્યાર્થીઓ સાથે ફી ના ૪.૭૪ લાખ સ્કોલરશીપ ના ૫,૧૩.૮૦૦ મળી કુલ રૂા.૯,૮૭,૮૦૦ ની છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. પોલીસે બે મહિના ની તપાસ બાદ ગત રોજ ક્લાસની સંચાલિકા રશ્મિ વસાવાની ફરિયાદ આધારે ગુનો દાખલ કરી અન્ય વિદ્યાર્થીનીઓને સાહેદ તરીકે રાખી તપાસ શરુ કરી હતી.

**DATE: 11/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કાગડીવાડમાં મકાન પાછળ બોટલો મળી હતી

# 2 લાખના દારૂ પ્રકરણમાં ફરાર બૂટલેગર 4 માસ બાદ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર કાગડીવાદના કુખ્યાત બુટલેગર ચાર મહિના બાદ પોલીસ સકંજામાં આવ્યો છે. 9મી સપ્ટેમ્બરના રોજ પોલીસે દરોડા પાડી જુના મકાનની પાછળ સંતાડી રાખેલો 2 લાખ રૂા. ઉપરાંતની કિમંતનો દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો પણ બુટલેગર ફરાર થઈ ગયો હતો.

ગત 9 મી સપ્ટેમ્બર ના રોજ અંકલેશ્વર શહેર એડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે કાગડીવાડ ખાતે કુખ્યાત બુટલેગર સુઝાત ખાન ઉર્ફે સજ્જુ પઠાણએ બે જુના મકાન પાછળ વિપુલ માત્રામાંદારૂ વેચાણ અર્થે લાવી સંતાડી રાખ્યો છે. પોલીસે સ્થળ પર દરોડો પાડતાં દારૂ અને બિયર ના ટીન તેમજ પાઉચની 2090 બોટલ મળી આવી હતી. પોલીસ સ્થળ પરથી તુફેલ સલીમ મલેકની ધરપકડ કરી હતી. દારૂ અને બિયરનો જથ્થો બુટલેગર સુઝાતનો હોવાની વિગતો સપાટી પર આવતાં તેને વોન્ટેડ જાહેર કરાયો હતો.

# ઝઘડિયામાં ચોરીમાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ એક્યુમ કેમિકલ કંપનીમાંથી કોપરના પ્લેટની ચોરી કરનાર વોન્ટેડ આરોપીને ઝઘડિયા જીઆઈડીસી પોલીસે ઝડપી લીધો હતો. ઈ-ગુજકોપ પોકેટ કોપના આધારે ચોરીમાં વોન્ટેડ આરોપી રાહુલ મુન્નપાલ પાલ ( રહે. રાજપીપલા ચોકડી અંકલેશ્વર)ને જીઆઈડીસી વિસ્તારમાંથી પોલીસે ઝડપી લીધો હતો. આરોપીની ઝઘડિયા પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 12/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

શ્રમિકો બેંકમાં પૈસા ઉપાડવા જતાં ખાતા ફ્રિઝ હોવાની જાણ થતાં પોલીસમાં અરજી આપી હતી, સી ડિવિઝન પોલીસને મોટી સફળતા મળી

## સાયબર માફિયાઓના નિશાને શ્રમિકો

# મુંબઇના વ્યવસાયી સાથે 5 કરોડની ઠગાઇ, ભરૂચની 2 બેંકમાં 28 લાખ જમા થતાં પગેરૂ મળ્યું, કોન્ટ્રાકટરના પુત્ર સહિત 5ની ધરપકડ

## દુબઇ એરપોર્ટ પર મળેલા ગઠિયાએ કરન્સી ટ્રેડિંગના નામે માયાજાળમાં ફસાવ્યાં હતા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

મુંબઇના પ્રભાદેવીમાં રહેતાં અને આયાત-નિકાસના વ્યવસાયી સાથે કરન્સી ટ્રેડિંગના બહાને 5 કરોડની ઠગાઇનો રેલો ભરૂચ સુધી આવ્યો છે. વ્યવસાયી સાથે થયેલી ઠગાઇના 5 કરોડમાંથી 28 લાખ રૂપિયા ભરૂચના કોન્ટ્રાકટરના પુત્રએ તેના બે શ્રમિકોના ખાતામાં જમા કરાવ્યાં હતાં. મુંબઇમાં ફરિયાદ નોંધાઇ હોવાથી બંને શ્રમિકોના ખાતા સીઝ કરી દેવાયાં હતાં. આ બંને શ્રમિકો જ્યારે તેમના ખાતામાંથી પૈસા ઉપાડવા ગયાં ત્યારે તેમના ખાતા સીઝ કરી દેવાયા હોવાનું કહેવામાં આવતાં તેમણે ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે સાયબર ક્રાઇમ વિભાગને તપાસ ખુલતાં આખા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પોલીસે કોન્ટ્રાકટરના પુત્ર સહિત 5 આરોપીની ધરપકડ કરી છે.

મુંબઇના પ્રભાદેવી ખાતે આહુજા ટાવરમાં રહેતાં અને એક્સપોર્ટ - ઇમ્પોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલાં વિજય શાંતીલાલ શ્રીમાલ કે. એન. રિસોર્સિસ નામની કંપનીના માધ્યમથી તે વ્યવસાય કરે છે. ગત 30મી એપ્રિલે તેઓ કામ અર્થે દુબઇ ગયાંહ તાં. જ્યાં તેઓ તેઓ દુબઇ એરપોર્ટ પર તેમનો સામાન લેવા ઉભા હતાં. ત્યારે એક શખ્સે પોતાની શ્રી કપુર તરીકે ઓળખ આપી તે જે. પી. મોર્ગન ચેસ કંપનીમાં મોટા હોદ્દા પર કામ કરતો હોવાનું જણાવ્યું હતું. અરસામાં તેણે તેમને કરંન્સીમાં ટ્રેડીંગ કરવા વિશે પુછતાં તેમણે ના પાડી હતી. જેથી તેણે જણાવ્યું હતું કે, તેની ભત્રીજી પ્રિયાંશી કપુર ભારતમાં રહે છે અને કરન્સી ટ્રેડીંગનું સારૂ જ્ઞાન છે. તે તમારા સંપર્કમાં રહેશે તેમ કહીં મોબાઇલ નંબરની આપલે કરી તેઓ છુટા થયાં હતાં. બાદમાં તેઓ 2 મેના રોજ ભારત પરત આવ્યાં બાદ તેમના મોબાઇલ પર ફોન આવ્યો હતો. ફોન કરનારી મહિલાએ તેમને ઓનલાઇન કરન્સી-કોઇનમાં ટ્રેડીંગ કરવા અંગેની વાતચીત કરી હતી. તેમણે એક એપમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં વોલેટ આઇડી પણ નખાવ્યું હતુ. અરસામાં પહેલાં 94 હજાર રૂપિયા જમા કરાવ્યાં હતાં. જેના પગલે તેમના વોલેટમાં મોટો નફો બતાવ્યો હતો.તબક્કાવાર 5 કરોડ રૂપિયા જમા કરાવ્યાં હતાં. જે બાદ તે રૂપિયા નહીં ઉપડતાં તેમને તેમની સાથે ઠગાઇ થઇ હોવાનું માલુમ પડ્યું હતું. આ નાણાની હેરાફેરી માટે ભરૂચમાં રહેતાં બે શ્રમિકોના બેંક ખાતાઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભરૂચ પોલીસે તપાસ બાદ કોન્ટ્રાકટરના પુત્ર સહિત કુલ 5 આરોપીની ધરપકડ કરી છે



ભરૂચ સીડિવીઝન પોલીસે કોન્ટ્રાક્ટરના પુત્ર સહિત પાંચ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ઝડપાયેલા આરોપીઓના નામ

- શૈલેષ સુરેશ ચૌહાણ - રહે. આર. કે. કાઉન્ટી, તવરા રોડ
- રવિરાજ મંગલ ચૌહાણ - રહે. ભાવના ફાર્મ સોસા. અંક્લેશ્વર
- રાહુલ હરદેવ ચૌહાણ - રહે. રંગસિટી સોસાયટી, ચાવજ
- વિકાસ ગુલાબ યાદવ - રહે. જનતા નગર, અંક્લેશ્વર
- વિજય બાલગોવિંદ મૌર્યા - રહે. મહીન્દ્રનગર, અંક્લેશ્વર

**વોન્ટેડ મુખ્ય સુત્રધાર**

- યતેન્દ્રસિંગ ઉર્ફે સોનું રાજપૂત - રહે. ગાર્ડન સિટી, અંક્લેશ્વર

### યતેન્દ્રસિંહ તેની ઓફિસમાંથી ઓનલાઇન ઠગાઇ કરતો

વિકાસ યાદવને સાયબર ફ્રોડ અંગેની માહિતી આપ્યાં બાદ તેને અલગ અલગ એકાઉન્ટ નંબર લાવવા જણાવ્યું હતું. વિજય મૌર્યએ તેને લઇને યતેન્દ્રસિંહ રાજપૂતની ગાર્ડન સિટી ખાતે આવેલી ઓફિસે લઇ ગયો હતો. જ્યાં યતેન્દ્રસિંગ ઉર્ફે સોનુ રાજપૂત તેની ઓફિસમાં ફોન પર લોકોને સ્ટોક માર્કેટ, અલગ અલગ શેરોમાં તેમજ આઇપીઓમાં રોકાણ કરાવવાનીલાલચ આપી ઠગાઇ કરતો હતો.

### શ્રમિકના મહેનતના રૂપિયા 22 હજારે આખો ભેદ ઉકેલ્યો

રામસેવક અને રામલાલને ભોળવીને શૈલેષ ચૌહાણ આણી ટોળકીએ તેમના એકાઉન્ટમાં કુલ 28.20 લાખની હેરાફેરી કરી હતી.જેના પગલે તેમના એકાઉન્ટ બંધ થઇ ગયાં હતાં. રામસેવકના એકાઉન્ટમાં 22 હજાર હતાં.

### સાહેબ, અમારૂ ખાતુ બંકે બંધ કરી દીધું



**ફર્સ્ટ પર્સન**

**વામન ભરવાડ,** પીએસઆઇ, સી ડિવિઝન, ભરૂચ

**ભરૂચ** | હું મારી ઓફિસમાં કામ કરી રહ્યો હતો તે વેળાં બે શ્રમિકો મારી પાસે આવ્યાં હતાં. તેમના નામ રામસેવક બુધ્ધરામ સહાની તેમજ રામલાલ ત્રિવેણી મહંતો હતું. તેમણે મને જણાવ્યું હતું કે, બેન્કવાળાએ અમારા એકાઉન્ટ બંધ કરી દીધાં છે. જેથી મેં હેડ કોન્સ્ટેબઇ ગોપાલભાઇને બેન્કમાં તપાસ કરવા જણાવતાં તેઓ બેન્ક ઓફ બરોડા અને એસબીઆઇની શાખામાં જઇ તપાસ કરતાં ચોંકાવનારી વિગતો મળી હતી. બન્નેના એકાઉન્ટમાં સાયબર ક્રાઇમના 28.20 લાખ રૂપિયાની લેવડ દેવડ થઇ હોવાને કારણે તેમના એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યાં છે. શ્રમિકોને પુછતાં તેમણે જણાવ્યું હતું કે, પાંચેક મહિના પહેલાં તવરા રોડ પર આવેલાં આર. કે. સેલેસ્ટીયલની સાઇટ પર મજૂરીકામ કરતાં હતાં. જ્યાં તેમના શેઠ ( કોન્ટ્રાક્ટર) સુરેશ ચૌહાણના પુત્ર શૈલેષ સુપરવાઇઝર તરીકે કામ કરતાં હતાં. શૈલેષે તેમને બન્નેને જણાવ્યું હતું કે, તેના કોન્ટ્રાક્ટના રૂપિયા સીધા ખાતામાં આવે છે. પરંતુ કોઇ કારણસર તેનું ખાતું બંધ થઇ ગયું હોઇ કોન્ટ્રાક્ટના રૂપિયા તેમના બન્નેના ખાતામાં નખાવવા તેમના બેન્કની વિગતો લીધી હતી અને બંનેના ખાતામાં 28 લાખ જમા કરાવ્યાં હોવાનું જણાવ્યું હતું.